કોંગ્રેસે સૌથી મોટો દ્રોહ આદીવાસીઓ સાથે કર્યો છે : નરેન્દ્ર મોદી

૨૬મી જાન્યુઆરીએ ત્રિરંગો લહેરાવી પોસીના તાલુકાનો પ્રારંભ થશે : આદીવાસીના સર્વાંગી વિકાસ માટે રૂ. ૪૦ હજાર કરોડનું પેકેજ

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના કોંગ્રેસના ગઢ સમા ખેડબ્રહ્માના પોસીના ને અલગ તાલુકાની જાહેરાત બાદ આજે શનિવારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો અભિવાદન સમારંભ રાખવમાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કોંગ્રેસે સૌથી મોટો દ્રોહ આદવાસીઓસાથે કર્યા છે. આદીવાસીઓના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારે ૧૮ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે અને આવનાર સમયમાં વનવાસીઓના કલ્યાણ માટે રૂ. ૪૦ હજાર કરોડનું પેકેજ બનાવ્યું છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા વિસ્તારને અલગ અરવલ્લી જિલ્લો અને પોસીના ને અલગ તુલુકાની ઘોષણા બાદ આજે પોસીના ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનેસન્માનવાનોએક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કોંગ્રેસના ગઢ ગણાતા ખેડબ્રહ્માના પોશીના વિસ્તારના વનવાસીઓને સંબોધતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસે આદિવાસીઓનો માત્ર મતો કેળવવા જ ઉપયોગ કર્યો છે. કોંગ્રેસના ૬૫ વર્ષના શાસન દરમિયાન આદીવાસી આજે પણ ત્યાંના ત્યા જ છે. ભાજપ સરકારે ગુજરાતના આદીવાસીના ઉત્થાન માટે રૂ. ૪૦હજાર કરોડનુંપેકેજ બનાવ્યું છે. આદીવાસી વિદ્યાર્થી ડોકટર કેઈજનેર બને તેના માટે ઉમરગામથી અંબાજીના આદીવાસી પટ્ટામાં ૧૦૦ જેટલી વિજ્ઞાન પ્રવાહી શાળાઓ શરુ કરી છે. સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લો તેમજ ખેડબ્રહ્મા તાલુકામાંથી પોશીનાને અલગ બનાવતા આદીવસી વિસ્તારનો વિકાસ થશે ૨૬મી જાન્યુઆરીએ ત્રિરંગો લહેરાવી પોસીના તાલુકાનો પ્રારંભ કરવામાં આવશે તેવું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી રમણલાલ વોરા, જયસિંહ ચૌહાણ, ગૃહ રાજયમંત્રી પ્રફુલભાઈ પટેલ, સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, વિજય પંડયા, હેમલતાબેન પટેલ, ભોજાભાઈ મકવાણા, કૌશલ્યા કુંવરવા અને રમિલાબેન બારા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતાં.

પાલનપુર જુના ટેલીફોન એક્ષચેંજ પાસે જયભવાની નવરાત્રી ઉત્સવ મંડળ તેની સ્થાપનાના વર્ષની સુવર્ણ જયંતિ ઉજવી રહ્યું છે. બ્રાહ્મણવાસમાં રહેતા વર્તમાન શહેરના વરિષ્ઠ અગ્રણી ગણપતભાઈ જોષીએ તેમના સાથીઓ સાથે ૧૯૬૨માં આ મંડળની સ્થાપના કરી હતી. આ વર્ષે સુવર્ણ જયંતિ વર્ષમાં જય ભવાની મંડળ દ્વારા આ મંડળના સ્થાપક ગણપતભાઈ કેવળરામ જોષીનું ગઈરાત્રે મંદિરના ચોકમાં સાફો પહેરાવીને મંડળના પ્રમુખ ચંદ્રકાંતભાઈ રાવલ તેમજ તેમના સાથીઓએ ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પુર્વ મંત્રી તેમજ ધારાસભ્ય કાન્તીભાઈ કચોરીયા સહીત અગ્રણીઓ હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ખારેડામાં ધમધમતા દારૂના અડ્ડા બંધ કરાવવા ગાંધીનગર સુધી રજુઆતો પણ પરિણામ શૂન્ય

વાગડોદ પોલીસ મથકના હપ્તાખાઉ જમાદારની મિલીભગત

ડીસા, તા. ૨૦

પાટણ તાલુકાના ખારેડા ગામે અસામાજીક પ્રવૃત્તિઓએ માઝા મુકતા લોકોમાં ફફડાટની લાગણી જોવા મળી રહી છે. ગામમાં ધમધમતા દારૂના અડ્ડા અને આનંદ મચાવતા તત્વો વિરૂદ્ધ ગાંધીનગર સુધી રજુઆતો થઈ હોવા છતાં વાગડોદ પોલીસની રહેમ નજર હેઠળ ગેરકાનુની પ્રવૃત્તિઓ બિન્દાસ્ત ધમધમી રહી છે. જેના કારણે લોકોનો પોલીસ પરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે.

પાટણ તાલુકાના ખારેડા ગામે દારૂ અને જુગારની બદીએ માઝા મુકી દીધી છે. ગામાં અઘાર તેમજ સિદ્ધપુરના એક ગામમાંથી વાહન મારફતે મોટા પાયે દેશી દારૂ ઠલવાય છે. તેમજ વિદેશીદારૂ પણ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે. શરાબમાં ઝુમ બરાબર ઝુમ બની છાટા બનતા દારૂડીયાઓ ધોળા દિવસે પણ ભુંડી ગાળો ભાડતા હોય છે તેમજ ખુલ્લા હથિયારો સાથે ગામમાં ધીંગાણા મચાવે છે. થોડા મહીનાઓ પૂર્વે દારૂમા ધુત બનેલ એક દારૂડીયાએ એક જાહેર પ્રસંગમાં ભૂંડી ગાળો બોલી હૂમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે સામાન્ય લોકોને તો સાંજે પાંચ વાગ્યા બાદ બહાર નિકળવુ મુશ્કેલ બની જાય છે. ગામમાં બેરોકટોક રીતે વેચાતા દારૂને બંધ કરાવવા જિલ્લા પોલીસ અધિક્ષક, ડીઆઈજી ભૂજ રેન્જ અને ગાંધીનગર સુધી ત્રણ થી ચાર વખત રજુઆતો કરાઈ છે. ગામમા પોલીસની રેડ પડવાની હોય ત્યારે નિયમિત હપ્તા લેતા વાગડોદ પોલીસમથકના જમાદાર દ્વારા બુટલેગરોને ફોન કરી ચેતવી દેવામાં આવે છે. એટલે તપાસ દરમ્યાન પોલીસને મુદ્દામાલ હાથ લાગતો નથી જો નામચીન બુટલેગરોના મોબાઈલ જપ્ત લઈ કોલ ડીટેઈન કઢાવવામાં આવે તો પોલીસ અને બુટલેગર વચ્ચે ચાલતી સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે તેમ છે. બાકી વાગડોદ પોલીસને તો હપ્તા સિવાય કોઈ રસ નથી.

હિંમતનગર-અમદાવાદ-ઉદેપુર બ્રોડગેજ લાઈન કામમાં વિલંબ

પ્રાંતિજ, તા. ૨૦

હિંમતનગર-અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટે ઓન લાઈન રેલવે બોર્ડને હિંમતનગરના રહીશ સરદારસિંહ રાઠોડે કરેલ રજુઆતના જવાબમાં ચીફ એન્જીનિયર, ચર્ચગેટ, મુંબઈ તરફથી જણાવ્યા મુજબ સને ૨૦૧૦-૧૧ના વર્ષ દરમ્યાન રેલવે લાઈનને બ્રોડગેજ બનાવવા માટે રૂ. ૩૯૪.૧૪ કરોડનો ખર્ચ અંદાજ મોકલવામાં આવેલ જેમાં ફેરફાર કરીને હવે રૂ. ૪૦૪.૩૯ કરોડનો નવો અંદાજ રેલવે બોર્ડની મંજૂરી માટે તા. ૨-૨-૨૦૧૨ના રોજ મોકલવામાં આવેલ છે. આમ હવે હિંમતનગર-અમદાવાદ-ઉદેપુર રેલવે બ્રોડગેજમાં રૂપાંર કરવાની પ્રક્રિયા નજીકના ભવિષ્યમાં થશે કે કેમ તે ચિંતાનો વિષય છે, રાઠોડે આ બાબતે જિલ્લાના સંસદ સભ્ય તેમજ રેલવે રાજ્ય મંત્રીનું આ બાબતે ધ્યાન દોરતા પત્રો પાઠવવામાં આવ્યો છે ત્યારે ૫૦ વરસ જૂનો આ રેલવે બ્રોડગેજનો પ્રશ્ન હલ થશે કે કેમની લોકો શંકા કુશંકા કરી રહ્યા છે.

સુપ્રસિદ્ધ જૈન જૈનેતરો માટે શ્રદ્ધાનુ આસ્થા સ્થાન એવા પાલનપુર નજીક આવેલ શ્રી માણીભદગ્રવીર દાદાના સ્થાન મગરવાડા ખાતે પ્રતિ વર્ષની જેમ આસો સુદ-૫ ના રોજ મોટો મહાયજ્ઞ અને મેળો ભરાય છે. સ્થાનિકો અને દુર સુદુર વસતા ભાવિકો નવરાત્રીની પાંચમે અત્રે પધારી દર્શન કરી માનતા પૂર્ણ કરી હવનમાં ચોખ્ખા ઘીની આહુતી આપી અને સુખડીનો પ્રસાદ ધરાવી દંડવટ પ્રણામ દર્શન કરી ભાવ વિભોર બને છે. સ્થાનિક ગ્રામજનો પંચાયત દ્વારા દર્શનાર્થીઓની સેવા સુરક્ષા માટે સુંદર વ્યવસ્થા ગોઠવાઈ હતી. દાદાની કૃપાથી સૌનું કલ્યાણ થાય છે. લોકો હજારો કીલો ઘીની આહુતી આપે છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર ખાતે વિધાનસભા ચૂંટણી સંદર્ભે ઉમેદવારો અંગે વિચાર-વિમર્શ

પાલનપુર, તા. ૨૦

પાલનપુર ખાતે ભાજપના પ્રદેશ નિરીક્ષકો આગામી વિધાનસભાની ચૂંટણી સંદર્ભે સ્થાનિક લોકો પાસેથી મંતવ્યો જાણવા ચડોતર નજીક એક સ્થાન પર આવેલ જ્યાં વાવ થરાદ, ધાનેરા, પાલનપુરના ઉમેદવારો અંગે મંતવ્યો જાણવા માટે પ્રદેશ નિરીક્ષકો કાનાજી ઠાકોર અમદાવાદ, હંસા કુંવરબા રાજ આણંદ અને પૃથ્વીરાજ વાઘેલા સાબરકાંઠાએ કાર્યકર્તાઓ, સ્થાનીક અગ્રણીઓ જોડે ઉમેદવારો અંગે મંતવ્યો જાણ્યા હતા.

ચોરીનો ભેદ માણસા પોલીસે ઉકેલ્યો

માણસા, તા. ૨૦

માણસા તાલુકાના અમરાપુર ગ્રામ ભારતી સંસ્થામાં એંગલો તેમજ તારના વાયરની ચોરીની ફરિયાદ માણસા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ચોવીસ કલાકમાં બે ઈસમોને ઝડપી પાડી મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગ્રામભારતી સંસ્થામાં રહેતા ચૌધરી મોહનભાઈએ ફએન્સીંગ વાડની એંગલો નંગ ૬૨, રૂ. ૧૨,૪૦૦ની ચોરીની ફરિયાદ માણસા પોલીસમથકે નોંધાવતા પી.એસ.આઈ. બી.એન. દવેએ ઉંડાણપૂર્વક તપાસ કરતા તેમને મળેલી બાતમીના આધારે ચોરીમાં સંડોવાયેલા રાવળ રણછોડભાઈ તથા રાવળ ગગાભાઈ, (રહે. અમરાપુર)ની ધરપકડ કરી હતી અને માણસામાં ભંગારના વેપારી પાસેથી મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઘાટલોડીયામાં પાઉંભાજીની લારી ઉપર બે જુથો વચ્ચે અથડામણ

અમદાવાદ, તા. ૨૦

ઘાટલોડીયામાં આવેલા ઉમિયા હોલ નજીક પાઉંભાજીની લારી પર ખુરશીમાં બેસવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીને પગલે બે જુથો સામ-સામે આવી ગયા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ઘાટલોડીયા મહાશક્તિનગર ખાતે ૨૪ વર્ષીય રાજુભાઈ ગણેશભાઈ પાલીવાલા પરિવાર સાથે રહે છે. ગઈ કાલે ૮:૧૫ વાગ્યાના સુમારે રાજુ ઉમિયાહોલ નજીક આવેલા વિકાસ પાઉંભાજીની લારી પર પોતાના મિત્રો સાથે નાસ્તો કરવા ગયો હતો. દરમ્યાનમાં ત્યાં હાજર ચાર જેટલા યુવાનો સાથે ખુરશીમાં બેસવાની બાબતે બોલાચાલી થઈ હતી. તે સમયે બંને જુથો સામ-સામે આવી ગયા હતા. જેથી હાજર લોકોમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી.

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

ડીસામાં ઓલ ઈન્ડીયા એલ.આઈ.સી. પ્રમુખના જન્મદિન નિમિત્તે ડીસા એલ.આઈ.સી. સ્ટાફ દ્વારા બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કંપનીના એજન્ટ મિત્રો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મિત્રોએ ૨૫ જેટલી બોટલોનું રક્તદાન કર્યું હતું.

રાષ્ટ્રપ્રેમી નાગરીક સમિતિ પાલનપુરના પ્રમુખ પદે કરશનજી વાઘેલાની નિમણૂક

પાલનપુર, તા. ૨૦

તાજેતરમાં પાલનપુર રામજી મંદિર મુકામેવિશ્વ હિન્દુ પરિષદ તેમજ શહેરના ધર્મપ્રેમી નગરજનોની એક બેઠક મળેલ. તેમાં વી.એચ.પી. દ્વારા પાલનપુર શહેરમાં ઉજવતા ધાર્મિક ઉત્સવો અંગે શોભાયાત્રા પાલનપુર શહેરના નાગરિકો દ્વારા (દશેરા ઉત્સવ તેમજ અષાઢી બીજ) શોભાયાત્રાનું સંચાલન કરવામાં આવે તેવું સુચન કરવામાં આવેલ તેના અનુસંધાને શહેરના રાષ્ટ્રપ્રેમી નાગરિકોની એક સમિતિનું ગઠન કરવામાં આવેલ.

તેમજ આ સમિતિના પ્રમુખ તરીકે સર્વાનુમતે પાલનપુરના રહીશ ઠાકોર સમાજના આગેવાન ભાજપના વરિષ્ઠ કાર્યકર્તા, સફળ સંગઠક અને આયોજક શ્રી કરશનજી જે. વાઘેલાની વરણી કરવામાં આવેલ. જેને તમામ ધર્મપ્રેમી નાગરીકોએઅભિનંદન પાઠવી બિરદાવેલ. શ્રી કરશનજી જે. વાઘેલાએ જણાવેલ કે, મારામાં જે નગરજનોએ વિશ્વાસ મુકેલ છે તે હું શહેરના હિતમાં ધાર્મિક લાગણીઓને ઠેસ ના પહોંચે તે રીતે સૌ સમાજો, શહેરીજનો તેમજ વડીલોના માર્ગદર્શનથી સદભાવનાપૂર્વક જવાબદારી નિભાવવા પૂર્ણ કોશીષ કરીશ.

ઉપરોક્ત બેઠકમાં શ્રી એલ.એ. ગઢવી સા. શ્રી પિનાકીન ઓઝા, શ્રી રાજેશભાઈ બાફના, સ્મીતાબેન સોની, અમૃતભાઈ (દાઢી) પુર્વ પ્રમુખ નગરપાલિકા, પ્રતાપભાઈ જાની, કેતનભાઈ ગુમા, મનોભાઈ રાવલ, અરૂણભાઈ ભાર્ગવ, દિનેશભાઈ પટેલ, અશોકભાઈ મહેશ્વરી, વિપુલભાઈ વિગેરે ઉપસ્થિત રહી પૂર્ણ સાથ-સહકાર આપવાની ખાત્રી આપેલ.

આજોલ ગામે બંધ મકાનમાં ચોરી કરી નાસી છુટયા

માણસા, તા.૨૦

માણસા પાસેના આજોલ ગામે ગત રાત્રિના સુમારે અજાણ્યા તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવી અને તેમાં હાથ સાફ કર્યો હતો અને ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જયારે સવારે ઘર ખુલ્લું જોતા કોઈએ મકાન માલિને ફોન કરી જાણ કરી હતી. જેથી તેઓએ ઘરે આવી તપાસ કરતાં ચોરી થયાની માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

માણસા તાલુકાના આજોલના રણછોડપુરાના વતની અને હાલ અમદાવાદ ભાર્ગવ સોસાયટી ખાતે રહેતા પટેલ અરવિંદભાઈ કાન્તિભાઈના બંધ મકાનમાં ગત રાત્રિના સુમારે તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવી દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી તેમાં રહેલી તિજોરીમાં રહેલા રોકડા બે હજાર ચોર્યા હતા તથા દિકરી માટે બનાવેલી સોનાની કડી ચાર હજારની અને બીજી વસ્તુઓ મળી કુલ ૧૦,૫૦૦ રૂપિયાની ચોરી કરીને રફુચક્કર થઈ ગયા હતા.સવારે ઘરનો દરવાજો ખુલ્લો જોઈ પાડોશીઓએ તેઓને ફોન કરતા તેઓએ તાત્કાલીક ઘરે આવી જોયું તો તિજોરી ખુલ્લી હોઈ તપાસ કરી અને માણસા પોલીસ સ્ટેશને આવી ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા શહેરમાં ધર્મપ્રેમી જનતાની સાથે વિવિધ શાળા કોલેજો પણ નવરાત્રિના રંગે રંગાઈ છે. શહેરની શાળા કોલેજોમાં નવરાત્રિ પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ શિક્ષકો સહિત સ્ટાફના માણસો ડીજેના તાલે ઝુમી ઉઠયા હતા. તેમાં માતાજીની પૂજા અર્ચના અને આરતી તેમજ દિપ પ્રાગટયનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

મહેસાણામાં સ્ટેટીક સર્વેલન્સ ટીમે માર્ગો પર તપાસનો દોર આરંભ્યો

મહેસાણા, તા. ૨૦

રાજયમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં આદર્શ આચારસંહિતાનો મહેસાણા જિલ્લામાં અમલ થઈ રહ્યો છે. જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા જિલ્લામાંથી પસાર થતા ધોરીમાર્ગો પર નાણાંની થતી હેરફેર અંગે ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે છેલ્લા એક સપ્તાહમાં જુદા જુદા સ્થળોએથી લાકોની રોકડ રકમ કબજે કરવામાં આવી રહી છે. જો કે કબજે થયેલ બેંકોની રોકડ રકમ તેમજ જરૂરી પુરાવા રજૂ કરનાર વ્યક્તિઓને પાછળથી રકમ પરત કરાય છે. દરમિયાન મહેસાણા-અમદાવાદ ફોરલેન માર્ગ પર મેવડ ટોલ પ્લાઝા નજીક સ્ટેટીક સર્વેલન્સ ટીમે માર્ગ પરથી પસાર થતી મહારાષ્ટ્ર પાસિંગની એક મોટરકારમાંથી રૂપિયા નવ લાખ એકત્રીસ હજારની શંકાસ્પદ રોકડ રકમ કબજે કરી આ બાબતે ઈન્કમટેક્ષ ખાતાના અધિકારીને જાણ કરી છે. મોટરકાર ચાલકની પુછપરછમાં પોતે ભેંસોના વેપારી હોવાથી બનાસકાંઠા જિલ્લાના ભાબરથી નાણાં લઈને મુંબઈ તરફ જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. પરંતુ સ્ટેટીક સર્વેલન્સ ટીમને તેઓ નાણાંનો યોગ્ય પુરાવો ન આપી શકતાં આ રકમ કબજે લઈને ટ્રેઝરી કચેરીમાં જમા કરવામાં આવી હતી.

ચૂંટણી આચારસંહિતાને લઈને મહેસાણા જિલ્લામાં મુખ્યત્વે દિવસ દરમિયાન સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા નાણાંની હેરફેર સંદર્ભે ધોરી માર્ગો પરથી પસાર થતા વાહનોને થોભાવીને તપાસ કરાય છે. જ્યારે રાત્રીના સમયે ખાસ કોઈ જ આવી તપાસ થતી નથી તેવું કહેવાય છે. બીજુ આંગડીયા પેઢી તથા કુરીયર સર્વિસના સંચાલકો દ્વારા મોટી રકમની હેરફેર થઈ રહી હોવાનું કહેવાય છે ત્યારે આવી જગ્યાએ પણ તપાસ થવી જરૂરી મનાય છે.

મેઘાણીનગર ખાતે પુત્રી ઉપર બળાત્કાર કરનારની ધરપકડ

અમદાવાદ, તા. ૨૦

મેઘાણીનગર વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારનાર પિતાની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં તે આસામ ખાતે આર્મીમાં ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું હતું.અત્યંત ઘૃણાસ્પદ ઘટનાની વિગતો એવી છે કે મેઘાણીનગર વિસ્તારમાં ૨૦ વર્ષીય યુવતી રહે છે.

યુવતી ૧૩ વર્ષની ઉંમરની હતી ત્યારથી તેના પિતા તેની સાથે અડપલા કરતા હતા. ગત તા. ૧૩ સાપ્ટેમ્બરના રોજ તેના પિતાએ પોતે બિમાર હોવાનું કહી તેને પુના બોલાવી હતી. દરમ્યાનમાં યુવતીને તેના પિતા ૨૪ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ પુનાની એક હોટલમાં લઈ ગયા હતા. અને ત્યાં યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. તેમજ યુવતીની જાણ બહાર વીડીયો ક્લીપીંગ પણ ઉતારી લીધી હતી.

ભાજપના જિલ્લા નિરીક્ષકો આજે જિલ્લાઓમાં જશે : ઉમેદવારો અંગે રજુઆતો સાંભળશે

ગાંધીનગર, તા.૨૦

રાજયના તમામ જિલ્લાઓમાં આજથી ભાજપના નિરીક્ષકો દ્વારા સંભવીત ઉમેદવારોના નામો અંગે રજુઆતો સાંભળશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ માટે ભાજપ દ્વારા તમામ જિલ્લાઓમાં જિલ્લા નિરીક્ષકોની નિમણુંક કરી દેવામાં આવી છે. આવતીકાલથી જિલ્લા નિરીક્ષકો તેમને ફાળવેલ જિલ્લામાં પહોંચી જશે. અને ત્યાં બે દિવસના રોકાણ દરમિયાન વિધાનસભા બેઠકો દીઠ સંભવિત ઉમેદવારો અંગે રજુઆતો સાંભળવાની પ્રક્રિયા હાથ ધરશે.

જિલ્લામાં નિરીક્ષકો આવનાર હોઈ ટીકીટ વાંચ્છુઓએ નિરીક્ષકો સમક્ષ પોતાની અસરકારક રજુઆતો માટે ટેકેદારો દ્વારા દબાણ લાવવા માટેની વ્યુહરચનાઓ ઘડી કાઢી છે. જો કે જિલ્લા નિરીક્ષકોએ તો માત્ર રજુઆતો સાંભળીને તેમને મળેલી રજુઆતો અંગેનો અહેવાલ તૈયાર કરીને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સુપરત કરી દેવાનો છે. રાજયની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારો અંગેની રજુઆતો સાંભળવા અંગેની પ્રક્રિયાઓ ૨૩મી સુધીમાં પૂર્ણ કરી દેવા માટેની સૂચનાઓ જિલ્લા નિરીક્ષકોને આપી દેવામાં આવી છે. અને ૨૭મી સુધીમાં તેમનો અહેવાલ પાર્લામેન્ટરી બોર્ડને સુપરત કરવા પણ સૂચના અપાઈ છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દશેરા બાદ એટલે કે ઓકટોબરના અંતિમ સપ્તાહમાં અથવા નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર શરુ કરવામાં આવનાર છે. અને જિલ્લાવાર જિલ્લા પ્રભારી મંત્રી જિલ્લા નિરીક્ષકો અને જિલ્લાના આગેવાનોને સાંભળી તેમની સાથે પરામર્શ કરવામાં આવ્યા બાદ પ્રદેશ પાલામેન્ટરી બોર્ડ દ્વારા સંભવીત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરવામાં આવશે અને ત્યાર બાદ આખરી ઉમેદવારોની પસંદગી માટે આ યાદી મોવડી મંડળની મંજુર અર્થેમોકલી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.